ઈમરાન ખાનને તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ઈસ્લામાબાદની ટ્રાયલ કોર્ટ દ્વારા દોષિત ઠેરવ્યા બાદ શનિવારે લાહોરમાં તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ ઈમરાન હવે તેની મુક્તિ માટે ઘણો સંઘર્ષ કરી રહ્યો છે. તેણે નીચલી કોર્ટના ન્યાયાધીશને પક્ષપાતી ગણાવતા અને ન્યાયના ચહેરા પર થપ્પડ ગણાવીને મંગળવારે તેની સજાને પડકારતી ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

ઈમરાન ખાને ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં ભ્રષ્ટાચારના કેસમાં દોષિત અને ત્રણ વર્ષની જેલની સજા સામે અપીલ કરી છે. આ અરજી પૂર્વ વડાપ્રધાન ઈમરાનના વકીલ ખ્વાજા હરિસ અને ગૌહર અલી ખાને દાખલ કરી છે. ચુકાદાને બાજુ પર રાખવાની માંગ કરતી અરજીમાં કહેવામાં આવ્યું છે કે તોશાખાના કેસમાં ટ્રાયલ કોર્ટનો નિર્ણય કાયદાની વિરુદ્ધ હતો.

અરજદારના વકીલોએ ઈસ્લામાબાદ હાઈકોર્ટને કેન્દ્રીય અપીલ પર નિર્ણય બાકી રહેલ સજાને સ્થગિત કરીને ઈમરાન ખાનની મુક્તિ માટેનો આદેશ જારી કરવાની વિનંતી કરી છે. ઈમરાન ખાનની અરજીમાં કહેવામાં આવ્યું છે કે નીચલી કોર્ટના જજ દ્વારા આપવામાં આવેલો ચુકાદો પક્ષપાતી અને કાયદાની નજરમાં અમાન્ય છે અને તેને બાજુ પર મુકવો જોઈએ.

ઈમરાન ખાનને તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે તેને રાવલપિંડીની અદિયાલા જેલમાં મોકલવાનો નિર્દેશ આપ્યો હોવા છતાં તેને પંજાબ પ્રાંતની એટોક જેલમાં રાખવામાં આવ્યો છે. ઈમરાન ખાનના એટર્ની

પોતાની ત્રણ વર્ષની સજાને પડકારતી ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં અપીલ કરી અને નીચલી કોર્ટના જજને પક્ષપાતી ગણાવ્યા

જનરલ નઈમ હૈદર પંજોથાએ દાવો કર્યો છે કે ખાન ખૂબ જ ખરાબ સ્થિતિમાં જીવી રહ્યા છે. તેમને ખુલ્લા શૌચાલય સાથે અંધારાવાળી રૂમમાં રાખવામાં આવ્યા છે. આ સિવાય દિવસ દરમિયાન માખીઓ ફરતી રહે છે અને કીડીઓ રાત્રે આવે છે. કોઈને તેને મળવાની મંજૂરી નથી, જાણે કે તે આતંકવાદી હોય.

પાકિસ્તાનના ચૂંટણી પંચે ગયા વર્ષે ૨૧ ઓક્ટોબરે ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને તોશાખાના કેસમાં ખોટા નિવેદનો આપવા અને ખોટી વસ્તુઓ જાહેર કરવા બદલ અયોગ્ય ઠેરવ્યા હતા. ત્રણ મહિનામાં આ બીજી વખત છે જ્યારે ખાનની ધરપકડ કરવામાં આવી છે. ઈમરાન ખાનને અલ-કાદિર ટ્રસ્ટ ભ્રષ્ટાચાર કેસમાં ઈસ્લામાબાદના હાઈકોર્ટ સંકુલમાંથી ૯ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી, જેના પગલે તેમના સમર્થકોએ હિંસક વિરોધ પ્રદર્શનો કર્યા હતા અને લશ્કરી સંસ્થાઓને આગ ચાંપી હતી. તે જ સમયે, ઈમરાન ખાન પર દેશભરમાં ૧૪૦ થી વધુ કેસ છે અને તેના પર આતંકવાદ, હિંસા, નિંદા, ભ્રષ્ટાચાર અને હત્યાનો આરોપ છે.

લોકોને બિનજરૂરી મુસાફરી ન કરવા પણ અપીલ કરવામાં આવી

પૂર્વીય અમેરિકામાં ચક્રવાતનો કહેર ૧૧ લાખ ઘર અને ઓફિસોમાં વીજળી ગુલ

વોશિંગ્ટન,તા.૮

અમેરિકામાં તોફાન સાથે મુશળધાર વરસાદની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં ટોર્નેડોને લઈને એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે, જેને જોતા સરકારી ઓફિસો વહેલી બંધ કરી દેવામાં આવી હતી અને બે હજારથી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી હતી. સૌથી મોટું જોખમ સધર્ન/સેન્ટ્રલ એપાલેચિયનથી મિડ-એટલાન્ટિક સુધીનું છે.મીડિયા અહેવાલો અનુસાર રાજધાની વોશિંગ્ટનમાં ભારે વાવાઝોડું, કરા, મુશળધાર વરસાદ અને વીજળી પડવા માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બેલ્ટવે પ્રદેશ સૌથી વધુ જોખમમાં છે. આ સમયગાળા દરમિયાન પાવર ફેલ થવાની પણ શક્યતા છે. આથી લોકોને તેમના મોબાઈલ ફોન અગાઉથી સારી રીતે ચાર્જ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ સાથે

લોકોને બિનજરૂરી મુસાફરી ન કરવા પણ અપીલ કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, વાવાઝોડું હવે વોશિંગ્ટનના પશ્ચિમથી પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે.ફ્રેડરિક, લાઉડાઉન અને નોર્થવેસ્ટ હોવર્ડ કાઉન્ટીઓ ઉપરાંત મોન્ટગોમરી અને ઉત્તરપશ્ચિમ ફેરફેક્સ માટે ગંભીર વાવાઝોડાની ચેતવણીઓ જારી કરવામાં આવી છે. તોફાન ૫૫ માઈલ પ્રતિ કલાકની ઝડપે પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે અને ૭૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. વાવાઝોડું ફ્રેડરિક સાથે અથડાવાનું સુનિશ્ચિત છે પરંતુ તે પછી તરત જ લીસબર્ગ, ક્લાર્કસબર્ગ, દમાસ્કસ અને માઉન્ટ એરીને અસર કરશે.

ગુજરાતની કુલ સોલાર કેપેસિટી ૧૦,૧૩૩ મેગાવોટે પહોંચી

નવીદિલ્હી,તા.૮

ગુજરાતની કુલ સોલાર ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૩૦મી જૂન, ૨૦૨૩ના રોજ ૧૦,૧૩૩.૬૬ મેગાવોટે પહોંચી છે. ગુજરાતનું સોલાર વીજ ઉત્પાદન ૨૦૨૨-૨૩માં ૧૦,૩૩૫.૩૨ રૂં હતું. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં નવી અને રિન્યુએબલ એનર્જી તથા વીજ મંત્રી શ્રી આર કે સિંહે ૨૮ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ આ માહિતી રજૂ કરી હતી.

મંત્રીના નિવેદન મુજબ ૩૦મી જૂન, ૨૦૨૩ સુધીમાં, દેશમાં ૭૦,૦૯૬ મેગાવોટની કુલ સોલાર વીજ ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે. ભારત ૭,૪૮,૯૯૦ મેગાવોટની અંદાજિત સોલાર વીજ ક્ષમતા ધરાવે છે. આમ, સોલાર ઊર્જાની ક્ષમતાને હજી સુધી પૂરેપૂરો ઉપયોગ કરી શકાયો નથી. આ નિવેદનમાં જણાવાયું હતું કે, સોલાર પ્રોજેક્ટ્સને મોટાભાગે કેપ્ટિવ વપરાશ, અને ત્રાહિત-પક્ષકારના વેચાણ વગેરે માટે ટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બીડિંગના માધ્યમથી પસંદ કરાયેલા પ્રોજેક્ટ ડેવલપર્સ દ્વારા ખાનગી રોકાણો થકી વિકસાવવામાં આવી રહ્યા છે. હાલના તબક્કે ૫૫.૯૦ ગીગાવોટના સોલાર પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

નથવાણી દેશમાં સોલાર પાવર ઉત્પાદનની કુલ સ્થાપિત ક્ષમતા, કેટલી ક્ષમતાનો અત્યારસુધીમાં ઉપયોગ કરાયો છે અને દેશમાં વધુ કોમર્શિયલ સોલાર વીજ પ્લાન્ટ્સ માટેની યોજનાઓ વિશે જાણવા માગતા હતા..

મંત્રીના નિવેદન અનુસાર, દેશમાં સોલાર ઊર્જા સહિત રિન્યુએબલ ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલાં લેવાયાં છે. સરકારે ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦% સુધીના વિદેશી પ્રત્યક્ષ રોકાણને (ત્ર્ઝ્રૈ) મંજૂરી આપી દીધી છે. ૩૦મી જૂન, ૨૦૨૫ સુધીમાં કાર્યાન્વિત થનારા સોલાર તથા વિન્ડ પાવર પ્રોજેક્ટ્સના આંતર-રાજ્ય વેચાણ માટેના ઈન્ટર સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ (ઈજીજી) ચાર્જિસ માફ કરાયા છે. વર્ષ ૨૦૨૯-૩૦ સુધી રિન્યુએબલ પર્ચેઝ ઓબ્લિગેશન (ઈ) માટેની ધરીની ઘોષણા કરાઈ છે. સરકારે આદેશો જારી કર્યા છે કે, લેટર ઓફ ક્રેડિટ (ન્ઝ) અથવા તો એડવાન્સ પેમેન્ટ સામે વીજ રવાનગી કરવામાં આવશે, જેથી રિન્યુએબલ ઊર્જા ઉત્પાદકોને વિતરણ પરવાના થકી સમયસર પેમેન્ટ સુનિશ્ચિત કરી શકાય. વિવિધ એક્સચેન્જ દ્વારા રિન્યુએબલ ઊર્જા વીજળીના વેચાણને સુલભ બનાવવા ગ્રીન ટર્મ અહેડ માર્કેટ (ઞ્છ્ર) લોંચ કરાયા છે.

ઈઝરાયેલનો દાયકાઓ જૂની દુશ્મનીમાં નવો વળાંક

સાઉદી અરેબિયા સાથે સમજૂતી મેળવવા માટે પેલેસ્ટાઈનીઓને કેટલીક છૂટછાટો આપશે?!

ઈઝરાયેલ,તા.૦૮

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેની દુશ્મની દાયકાઓ જૂની છે. હવે આ દુશ્મનીમાં નવો વળાંક આવ્યો છે. આ ટ્વિસ્ટ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના નિવેદનથી આવ્યો છે. પેલેસ્ટાઈન પ્રત્યે હંમેશા આક્રમક વલણ અપનાવનારા પીએમ નેતન્યાહુએ સંકેત આપ્યો કે તેઓ સાઉદી અરેબિયા સાથે સમજૂતી મેળવવા માટે પેલેસ્ટાઈનીઓને કેટલીક છૂટછાટો આપશે. પીએમ નેતન્યાહુએ એક ન્યૂઝ વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે સાઉદી અરેબિયા સાથેના ઐતિહાસિક કરારને આગળ લઈ જવાના માર્ગમાં રાજકીય પ્રશ્નો ઊભા ન હોવા જોઈએ. ઈન્ટરવ્યુમાં, નેતન્યાહૂએ તેમની ગઠબંધન સરકારમાં આંતરિક પડકારોનો સામનો કરવાનો પણ સંકેત આપ્યો હતો. તેમણે કહ્યું કે અમે અમારા ગઠબંધનના સભ્યોને કોઈપણ સમજૂતીમાં અવરોધ ઉભો કરવા દઈશું નહીં. નેતન્યાહુએ કહ્યું કે જો રાજકીય ઈચ્છાશક્તિ હશે તો ઈઝરાયેલ અને સાઉદી અરેબિયા વચ્ચે સામાન્યતા અને ઔપચારિક શાંતિની સંભાવના છે. નેતન્યાહુનું વલણ વિદેશ મંત્રી એલી કોહેનના નિવેદન સાથે જોડાયેલ છે, જેમાં તેમણે કહ્યું હતું કે પેલેસ્ટાઈનનો મુદ્દો શાંતિમાં અવરોધ ન બનવો જોઈએ. અમે અબ્રાહમ કરારમાં પણ આ સાબિત કર્યું છે. અમને બધાને પેલેસ્ટિનિયન ઓથોરિટીના પ્રદેશોમાં જીવન સુધારવામાં રસ છે. તમને જણાવી દઈએ કે પીએમ નેતન્યાહૂની ટિપ્પણીએ મધ્ય પૂર્વના બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોમાં સંભવિત પ્રગતિનો સંકેત આપ્યો છે.

ગુરૂગ્રામના પાંચ હજાર મુસ્લિમ વેપારીઓએ ધંધો બંધ કર્યો

નૂહ, તા.૮

હરિયાણાના નૂહ, સોહના અને ગુરુગ્રામમાં ગત જૂલાઈની ૩૧મી તારીખે હિંસા ફાટી નીકળી હતી જેની અસર હવે વેપાર પર પણ દેખાવા લાગી છે. આ હિંસાની અસર અનેક પરિવારો પર પડી છે ત્યારે હવે ગુરુગ્રામ શહેરમાં હોકર્સ એસોસિએશનનો અંદાજ છે કે મુસ્લિમ સમુદાયના ઓછામાં ઓછા ૫ હજાર શેરી વિક્રેતાઓ કે જેઓ મુખ્ય બજારોમાં અને શેરીઓમાં ફળો, શાકભાજી, ફાસ્ટ ફૂડ અને અન્ય વસ્તુઓ વેચતા હતા તેઓએ ગુરુગ્રામ છોડી દીધું છે અથવા તેમના ધંધા બંધ કરી દીધા છે.સોહના, બાદશાહપુર અને સેક્ટર ૭૦એમાં થયેલી હિંસાની વાત જણાવતા હોકર્સ એસોસિએશને કહ્યું કે મુસ્લિમ સમુદાયના મોટા ભાગના વેપારીઓ ઉત્તર પ્રદેશના મેરઠ, અલીગઢ, બિજનૌર, મુરાદાબાદ, મૈનપુરી, મુઝફ્ફરનગર, ઈટાવા અને નૂહ જિલ્લા જેવા સ્થળોના છે અને તેમાથી મોટાભાગના કથિત ધમકીઓ અને છૂટાછવાયા કૃત્યોને કારણે તેઓ તેમના વતન પરત ફર્યા છે. ભય વચ્ચે તેમના વ્યવસાય ચાલુ રાખવાવાળા કેટલાક વેપારીઓએ કહ્યું હતું કે ધમકિ અને હિંસક હુમલાઓથી ડરથી મોટાભાગના મુસ્લિમ વેપારીઓઓ દિલ્હી અને નોઈડા જ્યાં તેમના સંબંધીઓ રહે છે, તેમજ પડોશી રાજ્યોમાં તેમના ગામોમાં ભાગી જવાની ફરજ પાડી છે.

ગુરુગ્રામની દ્રોણ રેહરી પટરી ફેરી કમિટીના જનરલ સેક્રેટરી રાજેન્દ્ર સરોહાએ જણાવ્યું હતું કે જમીનની સ્થિતિ ચિંતાજનક છે અને ગયા અઠવાડિયાની સાંપ્રદાયિક હિંસા બાદ મુસ્લિમ વેપારીઓ ડરી ગયા છે. સરોહાએ વધુમાં કહ્યું હતું કે ગુરુગ્રામમાં લગભગ ૪૦ હજાર વેપારીઓ છે અને તેમાંથી લગભગ ૪૦ ટકા મુસ્લિમ સમુદાયના છે. હુમલાના ડરથી તેમાંથી ઘણાએ શહેર છોડી દીધું છે અથવા બજારોમાં કામ કરવાનું બંધ કરી દીધું છે. અમે તેમને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ તેઓ હજુ પણ ડરી રહ્યા છે. ઘણા લોકોને ધમકી આપવામાં આવી હતી અને તરત જ શહેર છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું.હોકર્સ એસોસિએશન દ્વારા એકત્ર કરાયેલા ડેટા મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માન્યતા પ્રાપ્ત ૧૬ હજાર જેટલા નોંધાયેલા વેપારીઓ છે.પરંતુ આ વેપારીઓની ખરી સંખ્યા ૪૦ હજાર આસપાસ છે. તેઓ શહેરના લગભગ તમામ ભાગોમાં સ્થિત છે. સદર બજાર, પાલમ વિહાર, એમજી રોડ, સોહના રોડ, બાદશાહપુર, સેક્ટર ૧૪, ૨૩, ૪૬, ૪૯, ૬૪, ૬૫, ૭૦છ, ૭૨ અને ૭૪, ગામો જેવા કે ફાઝિલપુર, દરબારીપુર, જૂના ગુરુગ્રામના મોટાભાગના વિસ્તારોમાં કામ કરી કરે છે. ઘણા વેપારીઓ સેક્ટર ૪૪માં મેદાંતા હોસ્પિટલ અને ફોર્ટિસ હોસ્પિટલ જેવી મોટી તબીબી સંસ્થાઓની આસપાસ પણ કામ કરે છે.એમજી રોડના વેપારી બલરામ કુમારે જણાવ્યું હતું કે સામાન્ય રીતે આ રોડ પર ૧૦૦થી વધુ વેપારીઓ છે જે ફાસ્ટ ફૂડ અને અન્ય વિવિધ વસ્તુઓનું વેચાણ કરે છે.

પશ્ચિમ રેલવે

સુધારો

ટેન્ડર નોટિસ નંબરઃ W641-22- 23-DS-WL-01 તારીખ ૨૪.૦૭.૨૦૨૩. ફેરફાર કરવાની આઈટમઃ ઈ-ટેન્ડરની બંધ અને ખોલવાની તારીખઃ ૨૨.૦૮.૨૦૨૩ થી મોકૂફ રાખવામાં આવી છે અને હવે ૦૬.૦૯.૨૦૨૩ ના રોજ ખોલવામાં આવશે. અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. 0492

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

અરજદાર તર્ફે વિ.પ.શ્રીઃ લક્ષ્મી કે.પારેખ ક્રિ.પ.અ.નં. 4373/2023

મે.વડોદરાના જ્યુડી. મેજી.ફ.ક.(મ્યુનિ) રીચા અગ્રવાલ સાહેબની કોર્ટમાં

અરજદારઃ રાય રઘુવીરભાઈ ભાઈલાલભાઈ સામાવાળાઃ જન્મ મરણ નોંધણી અધિકારી/સબ-જીઝસ્ટ્રાર જન્મ-મરણ રહે; અમીન ખડકી, મકરપુરા, વડોદરા. (આરોગ્ય શાખા) વડોદરા મહાનગર સેવાસદન, કેવડાબાગ,વડોદરા

જાહેર નોટીસ આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે; આ કામના અરજદારના ભાઈ નામે " ભુપેન્દ્રભાઈ જેઠાભાઈ રાય " નો જન્મ તા. 18 - 01 - 1958 ના રોજ માતાઃ કમળાબેન દ્વારા અમીન ખડકી,મહાદેવ મંદિર પાસે,મકરપુરા ગામ, વડોદરા મુકામે થયેલ છે તે મતલબની નોંધણી સામાવાળાના જન્મ દફતરે કરાવવા માટે હાલની અરજ અત્રેની કોર્ટમાં ગુજારેલી છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે; સદર જન્મની નોંધ સામે કોઈને વાંધો કે રજુઆત હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦ ની અંદર અત્રેની કોર્ટમાં નામદાર સમક્ષ હાજર રહી તેઓના લેખીત વાંધા રજુ કરવા, મુદતની અંદર કોઈ લેખીત વાંધા આવશે નહીં, તો અરજદારની માંગ્યા મુજબ જન્મ ની નોંધ અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજે તા.૦૮ માહે ઓગસ્ટ સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(હસમુખ એમ.ગોસાઈ) તૈયાર કરનાર (પી.એમ.ચાવડા) મુકાબલ કરનાર (આર.ડી.ખલાસ) સીની.ક્લાર્ક, મ્યુનિ.કોર્ટ, વડોદરા

કોર્ટનો સિક્કો

જાહેર ચેતવણી

અમો **એડવોકેટ અશોક રાઠોડ** તે અમારા અસીલ **મહેન્દ્રસિંહ છત્રસિંહ ચાવડા** રહે; અટલાદરા, વડોદરા નાઓની સુચના અને ફરમાઈશથી જાહેર ચેતવણી આપીને જણાવીએ છીએ કે; મોજે ચાણસદ, તા. પાદરા ના જુના સર્વે નં. ૬૯૭/૧ બ્લોક નં. ૭૦૬/બ વાળી જમીન ના મુળ માલિક અને ખેડુત ખાતેદાર **મે. પટેલ ભગવાનભાઈ રણછોડભાઈએ** સદર જમીન અમારા અસીલને કબજા સાથેની રજી. બાનાખત નં. ૧૭૩૪ થી તા. ૦૪-૧૨-૨૦૦૭ ના રોજ રજી બાનાખત કરી આપેલ છે.તેમજ સદર મિલકતમાં **મે. પટેલ ભગવાનભાઈ રણછોડભાઈ ના ગુજરી ગયા બાદ તેઓના વારસો નામે પટેલ વિજેશભાઈ ભગવાનભાઈ** વિગેરે નાઓ અમારા અસીલની સદર મિલકતમાં હકક ડુબાડવાના આશયથી **સદર મિલકત ત્રાહીત ઈસમ ને વેચવાની પેરવી કરી રહ્યા છે.** તેવી જાણ અમારા અસીલને થયેલ છે જેથી જાહેર જનતા ને જણાવવાનું કે અમારા અસીલ **મે.ડે.કલેકટર (જ.સુ) સાહેબશ્રી. વડોદરાની કોર્ટમા ટેનન્સી અપીલ/વીડીડી/૫૭/૨૦૨૩** થી અપીલ દાખલ કરેલ છે. જે હાલ પેંડીગ છે તેમજ અમારા અસીલ સીવીલ કોર્ટમાં પણ યોગ્ય કાર્યવાહી હાથ ધરશે. આમ મૈ. પટેલ ભગવાનભાઈ રણછોડભાઈ એ સદર જમીન અમારા અસીલ ને કબજા સાથેની રજી. બાનાખત થી વેચાણ બાનાખત કરી આપી બાના પેટેની અવેજની રકમ સ્વીકારી કાયેદસરના વેચાણ અંગેના કરારો કરી આપેલ છે. આથી સદર કરારો આધારે અમારા અસીલનો ઉપરોકત જમીન ઉપર કાયદેસરનો હકક,હીત,હીસ્સો સમાયેલો છે તેમ છતા પણ સદર જમીનના મુળ માલિક ના વારસો નામે **પટેલ વિજેશભાઈ ભગવાનભાઈ વિગેરે નાઓ સદર જમીન અન્ય ત્રાહીત ઈસમોને વેચાણ કરવાની પેરવી કરી રહ્યા છે.** જેથી આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, ઉપરોકત મિલકત ઉપર અમારા અસીલનો હકક,હીત, હીસ્સો સમાયેલો છે. **આથી સદર જમીન અંગે કોઈએ પણ અમારા અસીલની સંમતી વગર કોઈ પણ જાતના લખાણો ,કરારો કે કોઈ પણ જાતની કાર્યવાહી કરવી નહી, અને જો તેમ કરશે તો તે રદબાતલ ગણવાની રહેશે તે જાણશો.** તા. ૦૯-૦૮-૨૦૨૩.સ્થળઃ વડોદરા. અસીલની સુચના અન્વયે.

અશોક આર.રાઠોડ 99789 88758 **શિવકુમાર રાઠોડ** 99794 90707 **એડવોકેટ્સ** ગુજરાત હાઈકોર્ટ

ઓફિસઃ એસ/૧૯, વૃંદ કોમ્પ્લેક્ષ, ગાય સર્કલ પાસે,અકોટા,વડોદરા.

સંઘ પરિવારની બહુમતીના એજન્ડાને આગળ વધારવાનો પ્રયાસ

કેરળ વિધાનસભામાં સર્વસંમતિથી સમાન નાગરિક સંહિતાના વિરોધમાં ઠરાવ પસાર

બંધારણના અનુચ્છેદ ૨૫ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી

તિરૂવનંતપુર,તા.૮

કેરળ વિધાનસભાએ મંગળવારે સર્વસંમતિથી સમાન નાગરિક સંહિતાના વિરોધમાં ઠરાવ પસાર કર્યો હતો. આ પ્રસ્તાવ રજૂ કરતા કેરળના સીએમ પિનરાઈ વિજયને કહ્યું કે આ એકપક્ષીય અને ઉતાવળનું પગલું છે. સીએમએ કહ્યું કે સંઘ પરિવાર દ્વારા કલ્પના કરાયેલ યુસીસી હિન્દુ ધર્મગ્રંથ મનુસ્મૃતિ પર આધારિત છે. તેમણે કહ્યું કે સંઘ પરિવાર પહેલા જ સ્પષ્ટ કરી ચુકયું છે કે તે બંધારણમાં કંઈપણ લાગુ કરવાનો પ્રયાસ કરી રહ્યો નથી.વિજયને કહ્યું કે કેન્દ્રની ભાજપ સરકારે મુસ્લિમ પર્સનલ લો હેઠળ છૂટાછેડાના કાયદાને અપરાધ બનાવ્યો અને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાને બદલે હાંસિયામાં રહેલા લોકોના કલ્યાણ માટે પગલાં લીધાં નથી. કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષ યુડીએફ (યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ) એ રાજ્ય સરકારના પ્રસ્તાવનું સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રી દ્વારા દરખાસ્ત ખસેડવામાં આવ્યા બાદ તેમણે અનેક સુધારા અને ફેરફારો સૂચવ્યા હતા.સીએમ વિજયને કહ્યું કે જ્યારે બંધારણના અનુચ્છેદ ૨૫ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી છે અને તેમાં ધાર્મિક ખાનગી સંસ્કારોનું પાલન કરવાનો અધિકાર શામેલ છે,. મુખ્યમંત્રીએ કહ્યું કે બંધારણની કલમ ૪૪ માત્ર એટલું જ કહે છે કે સરકાર એક સમાન નાગરિક સંહિતા સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે.વિજયને કહ્યું કે ચર્ચા-વિચારણા પછી લોકોમાં સર્વસંમતિ પર આવું કોઈ પગલું ભરવું જોઈએ અને આમ કરવામાં નિષ્ફળતા ચિંતાજનક છે. છે અને માને છે કે યુસીસીનો અમલ એ લોકો અને સમગ્ર દેશની એકતા પર હુમલો કરવા માટે લેવાયેલું 'અન-સાંપ્રદાયિક પગલું' છે.અગાઉ, કેરળના મુખ્ય પ્રધાન પી વિજયને તેમના એક ટ્વિટમાં લખ્યું હતું કે 'સમાન નાગરિક સંહિતા પર ચર્ચા શરૂ કરવી એ સંઘ પરિવારની બહુમતીના એજન્ડાને આગળ વધારવા અને સાંપ્રદાયિક ભેદભાવને વધુ ગાઢ બનાવવા માટેનો એક ચૂંટણી દાવપેચ છે'.

Gujarat Narmada Valley Fertilizers and Chemicals Limited
(An ISO 9001, ISO 14001, ISO 45001 & ISO 50001 Certified Company)
Regd. Office: P.O.Narmadanagar - 392015, Dist.: Bharuch (Gujarat), India
CIN: L24110GJ1976PLC002903 Website: www.gnfc.in

GNFC

OPEN E-TENDER NOTICE

E-Tender ID	Name of the Work	Estimated Work Value (incl. GST)
607955	Roof sheet replacement work at Reformer penthouse shed at Methanol-II plant of GNFC, Bharuch plant.	Rs. 44.73 Lacs
607956	Bitumen Mastic work on drum storage/ filling platforms at IP filling area at GNFC, Bharuch plant.	Rs. 9.87 Lacs
607972	Civil work for installation of Chlorine bullet T-54576 at TDI-I plant, Bharuch.	Rs. 10.38 Lacs
607944	Civil work of epoxy screeding work on part floors at Urea Bagging plant building, GNFC Bharuch.	Rs. 46.84 Lacs

Last date & time for receipt of bids for above tenders is 21.08.2023 upto 18.00 hrs.
For E-Tender, please log on https://www.nprocure.com
Contact details:-E-mail id - bcparekh@gnfc.in Phone no.: 02642 -203553 / 203422

ઇન્સોલ્વેન્સી એન્ડ બેંકરપ્ટસી કોડ, ૨૦૧૬ હેઠળ સંપત્તિના વેચાણ માટેની સૂચના

સોર્ટ ઈન્ડિયા એન્વિરો સોલ્યુશન્સ લિમિટેડ (ફડયામાં)
(માનનીય NCLT, અમદાવાદ બેંચના ૨૫.૦૮.૨૦૨૨ ના આદેશ દ્વારા ફડયા પ્રક્રિયા હેઠળની કંપની)
કંપનીની ઓફિસઃ "શંકરવાડી", શાસ્ત્રી બ્રિજ પાસે, નવા યાર્ડ રોડ, ફતેગંજ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૨

ઇન્સોલ્વેન્સી એન્ડ બેન્કરપ્ટસી કોડ, ૨૦૧૬ ("સંહિતા") હેઠળ, માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેંચ દ્વારા નિયુક્ત ફડયા દ્વારા, લિક્વિડેશન એસ્ટેટનો ભાગ બનાવતી સોર્ટ ઇન્ડિયા એન્વિરો સોલ્યુશન્સ લિમિટેડ (ફડયામાં) ની માલિકીની સ્થાવર સંપત્તિનું વેચાણ.

અરજી કરવાની અને દસ્તાવેજો રજૂઆત કરવાની છેલ્લી તારીખ	૨૬મી ઓગસ્ટ ૨૦૨૩
ઈ-ઓકશનની તારીખ અને સમય	૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩, સવારે ૧૧:૦૦ કલાક થી બપોરે ૦૧:૦૦ કલાક (દરેક ૫ મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે)
ઇ-ઓકશન પ્લેટફોર્મ	https://www.eauctions.co.in

વેચાણ માટેની સંપત્તિનું મૂળભૂત વર્ણનઃ (રૂ.માં)

મિલકત	સ્થાન	અનામત કિંમત	ઈએમડી	વધારાનું મૂલ્ય
સિટી સર્વે નંબર ૭૨૬/પાઈકી અને ૭૨૯/પાઈકી ધરાવતી વડોદરા કસ્બા ગામની સીમાના રેવન્યુ સર્વે નંબર ૬૩૧ માં આવેલી બિન-ખેતીની ખુલ્લી જમીન ખાનગી રોડ સહિત લગભગ ૫૧૮૪ ચો.ફૂટમાં ફેલાયેલી છે. ('બુલેટ ટ્રેન પ્રોજેક્ટ' માટે લગભગ ૮૧૬ ચોરસ ફૂટ જમીનના સંપાદન પછી જમીનનો બાકીનો હિસ્સો, લગભગ ૬૦૦૦ ચો.ફૂટ અથવા તેની આસપાસની ખાનગી રોડ સહિતની જમીનમાંથી)	શાસ્ત્રી બ્રિજ પાસે, ફતેગંજ, વડોદરા, ગુજરાત	૨,૧૬,૦૦,૦૦૦	૨૧,૬૦,૦૦૦	૧,૦૦,૦૦૦

મહત્વપૂર્ણ નોંધોઃ
૧. વેચાણ "જેમ છે ત્યાં આધાર/જેમ છે તે પ્રમાણે/જે કંઈ આધાર છે/કોઈ આધાર નથી."
૨. કોડની કલમ ૩૫ ની કલમ (૧) ની પેટા કલમ (f) ની જોગવાઈ મુજબ રસ ધરાવનાર બિડર જો કોડની કલમ 29A (સમય-સમય પર સુધારેલ છે તેમ)ની દ્રષ્ટિએ રિઝોલ્યુશન અરજદાર બનવા માટે લાયક ન હોય તો તે બિડ સબમિટ કરવા પાત્ર રહેશે નહીં.
૩. ઈ-ઓકશનના નિયમો અને શરતો અને અન્ય વિગતો વેબસાઈટ એટલે કે http://www.eauctions.co.in પર અપલોડ કરવામાં આવી છે.

ઈ-ઓકશન એજન્સી (લિંકસ્ટાર ઈન્ફોસિસ પ્રાઈવેટ લિમિટેડ) વતી સંપર્ક વ્યક્તિ	શ્રી વિજય પીપળીયા અને શ્રી અહેમદ ઈમેલ આઈડી - admin@eauctions.co.in, મોબાઈલ નં. : ૯૧ ૯૮૭૦૦૯૯૭૧૩
લિક્વિડેટર વતી સંપર્ક વ્યક્તિ	શ્રી સાહિલ કેશરી ઈમેલ આઈડી - liquidation.sortindia@gmail.com મોબાઈલ. નં. : ૯૧ ૯૬૪૩૭૦૦૭૨૬૪

તારીખ : ૦૯-૦૮-૨૦૨૩
સ્થળ : નવી દિલ્હી

સહી/-
સપન મોહન ગર્ગ, લિક્વિડેટર
IBBI/IPA-002/IP-N00315/2017-2018/10903
નોંધાયેલ સરનામુંઃ D-54, પ્રથમ માળ, ડિફેન્સ કોલોની, નવી દિલ્હી ૧૧૦૦૨૪
AFA 02.01.

કાયદાની નજરમાં ચુકાદો અમાન્ય છે અને તેને બાજુ પર મુકવો જોઈએ

જેલમાં કેદ પૂર્વ પી. એમ. ઈમરાન ખાને ઈસ્લામાબાદ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

ઈસ્લામાબાદ,તા.૮

ઈમરાન ખાનને તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ઈસ્લામાબાદની ટ્રાયલ કોર્ટ દ્વારા દોષિત ઠેરવ્યા બાદ શનિવારે લાહોરમાં તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ ઈમરાન હવે તેની મુક્તિ માટે ઘણો સંઘર્ષ કરી રહ્યો છે. તેણે નીચલી કોર્ટના ન્યાયાધીશને પક્ષપાતી ગણાવતા અને ન્યાયના ચહેરા પર થપ્પડ ગણાવીને મંગળવારે તેની સજાને પડકારતી ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

ઈમરાન ખાને ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં ભ્રષ્ટાચારના કેસમાં દોષિત અને ત્રણ વર્ષની જેલની સજા સામે અપીલ કરી છે. આ અરજી પૂર્વ વડાપ્રધાન ઈમરાનના વકીલ ખ્વાજા હરિસ અને ગૌહર અલી ખાને દાખલ કરી છે. ચુકાદાને બાજુ પર રાખવાની માંગ કરતી અરજીમાં કહેવામાં આવ્યું છે કે તોશાખાના કેસમાં ટ્રાયલ કોર્ટનો નિર્ણય કાયદાની વિરુદ્ધ હતો.

અરજદારના વકીલોએ ઈસ્લામાબાદ હાઈકોર્ટને કેન્દ્રીય અપીલ પર નિર્ણય બાકી રહેલ સજાને સ્થગિત કરીને ઈમરાન ખાનની મુક્તિ માટેનો આદેશ જારી કરવાની વિનંતી કરી છે. ઈમરાન ખાનની અરજીમાં કહેવામાં આવ્યું છે કે નીચલી કોર્ટના જજ દ્વારા આપવામાં આવેલો ચુકાદો પક્ષપાતી અને કાયદાની નજરમાં અમાન્ય છે અને તેને બાજુ પર મુકવો જોઈએ.

ઈમરાન ખાનને તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે તેને રાવલપિંડીની અદિયાલા જેલમાં મોકલવાનો નિર્દેશ આપ્યો હોવા છતાં તેને પંજાબ પ્રાંતની એટોક જેલમાં રાખવામાં આવ્યો છે. ઈમરાન ખાનના એટર્ની જનરલ નઈમ હૈદર પંજોથાએ દાવો કર્યો છે કે ખાન ખૂબ જ ખરાબ સ્થિતિમાં જીવી રહ્યા છે. તેમને ખુલ્લા શૌચાલય સાથે અંધારાવાળી રૂમમાં રાખવામાં આવ્યા છે. આ સિવાય દિવસ દરમિયાન માખીઓ ફરતી રહે છે અને કીડીઓ રાત્રે આવે છે. કોઈને તેને મળવાની મંજૂરી નથી, જાણે કે તે આતંકવાદી હોય.

પોતાની ત્રણ વર્ષની સજાને પડકારતી ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં અપીલ કરી અને નીચલી કોર્ટના જજને પક્ષપાતી ગણાવ્યા

પાકિસ્તાનના ચૂંટણી પંચે ગયા વર્ષે ૨૧ ઓક્ટોબરે ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને તોશાખાના કેસમાં ખોટા નિવેદનો આપવા અને ખોટી વસ્તુઓ જાહેર કરવા બદલ અયોગ્ય ઠેરવ્યા હતા. ત્રણ મહિનામાં આ બીજી વખત છે જ્યારે ખાનની ધરપકડ કરવામાં આવી છે. ઈમરાન ખાનને અલ-કાદિર ટ્રસ્ટ ભ્રષ્ટાચાર કેસમાં ઈસ્લામાબાદના હાઈકોર્ટ સંકુલમાંથી ૯ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી, જેના પગલે તેમના સમર્થકોએ હિંસક વિરોધ પ્રદર્શનો કર્યા હતા અને લશ્કરી સંસ્થાઓને આગ ચાંપી હતી. તે જ સમયે, ઈમરાન ખાન પર દેશભરમાં ૧૪૦ થી વધુ કેસ છે અને તેના પર આતંકવાદ, હિંસા, નિંદા, ભ્રષ્ટાચાર અને હત્યાનો આરોપ છે.

લોકોને બિનજરૂરી મુસાફરી ન કરવા પણ અપીલ કરવામાં આવી

પૂર્વીય અમેરિકામાં ચક્રવાતનો કહેર ૧૧ લાખ ઘર અને ઓફિસોમાં વીજળી ગુલ

વોશિંગ્ટન,તા.૮

અમેરિકામાં તોફાન સાથે મુશળધાર વરસાદની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં ટોર્નેડોને લઈને એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે, જેને જોતા સરકારી ઓફિસો વહેલી બંધ કરી દેવામાં આવી હતી અને બે હજારથી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી હતી. સૌથી મોટું જોખમ સધર્ન/સેન્ટ્રલ એપાલેચિયનથી મિડ-એટલાન્ટિક સુધીનું છે.મીડિયા અહેવાલો અનુસાર રાજધાની વોશિંગ્ટનમાં ભારે વાવાઝોડું, કરા, મુશળધાર વરસાદ અને વીજળી પડવા માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બેલ્ટવે પ્રદેશ સૌથી વધુ જોખમમાં છે. આ સમયગાળા દરમિયાન પાવર ફેલ થવાની પણ શક્યતા છે. આથી લોકોને તેમના મોબાઈલ ફોન અગાઉથી સારી રીતે ચાર્જ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ સાથે લોકોને બિનજરૂરી મુસાફરી ન કરવા પણ અપીલ કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, વાવાઝોડું હવે વોશિંગ્ટનના પશ્ચિમથી પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે.ફ્રેડરિક, લાઉડાઉન અને નોર્થવેસ્ટ હોવર્ડ કાઉન્ટીઓ ઉપરાંત મોન્ટગોમરી અને ઉત્તરપશ્ચિમ ફેરફેક્સ માટે ગંભીર વાવાઝોડાની ચેતવણીઓ જારી કરવામાં આવી છે. તોફાન ૫૫ માઈલ પ્રતિ કલાકની ઝડપે પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે અને ૭૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. વાવાઝોડું ફ્રેડરિક સાથે અથડાવાનું સુનિશ્ચિત છે પરંતુ તે પછી તરત જ લીસબર્ગ, ક્લાર્કસબર્ગ, દમાસ્કસ અને માઉન્ટ એરીને અસર કરશે.

ગુજરાતની કુલ સોલાર કેપેસિટી ૧૦,૧૩૩ મેગાવોટે પહોંચી

નવીદિલ્હી,તા.૮

ગુજરાતની કુલ સોલાર ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૩૦મી જૂન, ૨૦૨૩ના રોજ ૧૦,૧૩૩.૬૬ મેગાવોટે પહોંચી છે. ગુજરાતનું સોલાર વીજ ઉત્પાદન ૨૦૨૨-૨૩માં ૧૦,૩૩૫.૩૨ રૈં હતું. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં નવી અને રિન્યુએબલ એનર્જી તથા વીજ મંત્રી શ્રી આર કે સિંહે ૨૮ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ આ માહિતી રજૂ કરી હતી.

મંત્રીના નિવેદન મુજબ ૩૦મી જૂન, ૨૦૨૩ સુધીમાં, દેશમાં ૭૦,૦૯૬ મેગાવોટની કુલ સોલાર વીજ ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે. ભારત ૭,૪૮,૯૯૦ મેગાવોટની અંદાજિત સોલાર વીજ ક્ષમતા ધરાવે છે. આમ, સોલાર ઊર્જાની ક્ષમતાને હજી સુધી પૂરેપૂરો ઉપયોગ કરી શકાયો નથી. આ નિવેદનમાં જણાવાયું હતું કે, સોલાર પ્રોજેક્ટ્સને મોટાભાગે કેપ્ટિવ વપરાશ, અને ત્રાહિત-પક્ષકારના વેચાણ વગેરે માટે ટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બીડિંગના માધ્યમથી પસંદ કરાયેલા પ્રોજેક્ટ ડેવલપર્સ દ્વારા ખાનગી રોકાણો થકી વિકસાવવામાં આવી રહ્યા છે. હાલના તબક્કે ૫૫.૯૦ ગીગાવોટના સોલાર પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

નથવાણી દેશમાં સોલાર પાવર ઉત્પાદનની કુલ સ્થાપિત ક્ષમતા, કેટલી ક્ષમતાનો અત્યારસુધીમાં ઉપયોગ કરાયો છે અને દેશમાં વધુ કોમર્શિયલ સોલાર વીજ પ્લાન્ટ્સ માટેની યોજનાઓ વિશે જાણવા માગતા હતા..

મંત્રીના નિવેદન અનુસાર, દેશમાં સોલાર ઊર્જા સહિત રિન્યુએબલ ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલાં લેવાયાં છે. સરકારે ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦% સુધીના વિદેશી પ્રત્યક્ષ રોકાણને (ઞ્ઝ્રૈં) મંજૂરી આપી દીધી છે. ૩૦મી જૂન, ૨૦૨૫ સુધીમાં કાર્યાન્વિત થનારા સોલાર તથા વિન્ડ પાવર પ્રોજેક્ટ્સના આંતર-રાજ્ય વેચાણ માટેના ઈન્ટર સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ (ઁજીજી) ચાર્જિસ માફ કરાયા છે. વર્ષ ૨૦૨૯-૩૦ સુધી રિન્યુએબલ પર્ચેઝ ઓબ્લિગેશન (ઈં) માટેની ધરીની ઘોષણા કરાઈ છે. સરકારે આદેશો જારી કર્યા છે કે, લેટર ઓફ ક્રેડિટ (ન્ઝ) અથવા તો એડવાન્સ પેમેન્ટ સામે વીજ રવાનગી કરવામાં આવશે, જેથી રિન્યુએબલ ઊર્જા ઉત્પાદકોને વિતરણ પરવાના થકી સમયસર પેમેન્ટ સુનિશ્ચિત કરી શકાય. વિવિધ એક્સચેન્જ દ્વારા રિન્યુએબલ ઊર્જા વીજળીના વેચાણને સુલભ બનાવવા ગ્રીન ટર્મ અહેડ માર્કેટ (ઞ્છ્ર) લોંચ કરાયા છે.

ઈઝરાયેલનો દાયકાઓ જૂની દુશ્મનીમાં નવો વળાંક

સાઉદી અરેબિયા સાથે સમજૂતી મેળવવા માટે પેલેસ્ટાઈનીઓને કેટલીક છૂટછાટો આપશે?!

ઈઝરાયેલ,તા.૦૮

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેની દુશ્મની દાયકાઓ જૂની છે. હવે આ દુશ્મનીમાં નવો વળાંક આવ્યો છે. આ ટ્વિસ્ટ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના નિવેદનથી આવ્યો છે. પેલેસ્ટાઈન પ્રત્યે હંમેશા આક્રમક વલણ અપનાવનારા પીએમ નેતન્યાહુએ સંકેત આપ્યો કે તેઓ સાઉદી અરેબિયા સાથે સમજૂતી મેળવવા માટે પેલેસ્ટાઈનીઓને કેટલીક છૂટછાટો આપશે. પીએમ નેતન્યાહુએ એક ન્યૂઝ વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે સાઉદી અરેબિયા સાથેના ઐતિહાસિક કરારને આગળ લઈ જવાના માર્ગમાં રાજકીય પ્રશ્નો ઊભા ન હોવા જોઈએ. ઈન્ટરવ્યુમાં, નેતન્યાહૂએ તેમની ગઠબંધન સરકારમાં આંતરિક પડકારોનો સામનો કરવાનો પણ સંકેત આપ્યો હતો. તેમણે કહ્યું કે અમે અમારા ગઠબંધનના સભ્યોને કોઈપણ સમજૂતીમાં અવરોધ ઉભો કરવા દઈશું નહીં. નેતન્યાહુએ કહ્યું કે જો રાજકીય ઈચ્છાશક્તિ હશે તો ઈઝરાયેલ અને સાઉદી અરેબિયા વચ્ચે સામાન્યતા અને ઔપચારિક શાંતિની સંભાવના છે. નેતન્યાહુનું વલણ વિદેશ મંત્રી એલી કોહેનના નિવેદન સાથે જોડાયેલ છે, જેમાં તેમણે કહ્યું હતું કે પેલેસ્ટાઈનનો મુદ્દો શાંતિમાં અવરોધ ન બનવો જોઈએ. અમે અબ્રાહમ કરારમાં પણ આ સાબિત કર્યું છે. અમને બધાને પેલેસ્ટિનિયન ઓથોરિટીના પ્રદેશોમાં જીવન સુધારવામાં રસ છે. તમને જણાવી દઈએ કે પીએમ નેતન્યાહૂની ટિપ્પણીએ મધ્ય પૂર્વના બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોમાં સંભવિત પ્રગતિનો સંકેત આપ્યો છે.

ઇન્સોલ્વેન્સી એન્ડ બેંકરપ્ટસી કોડ, ૨૦૧૬ હેઠળ સંપત્તિના વેચાણ માટેની સૂચના

સોર્ટ ઈન્ડિયા એન્વિરો સોલ્યુશન્સ લિમિટેડ (ફ્ડયામાં)
(માનનીય NCLT, અમદાવાદ બેંચના ૨૫.૦૮.૨૦૨૨ ના આદેશ દ્વારા ફ્ડયા પ્રક્રિયા હેઠળની કંપની)
કંપનીની ઓફિસ: "શંકરવાડી", શાસ્ત્રી બ્રિજ પાસે, નવા યાર્ડ રોડ, ફતેગંજ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૨

ઇન્સોલ્વેન્સી એન્ડ બેન્કરપ્ટસી કોડ, ૨૦૧૬ ("સંહિતા") હેઠળ, માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેંચ દ્વારા નિયુક્ત ફ્ડયા દ્વારા, લિક્વિડેશન એસ્ટેટનો ભાગ બનાવતી સોર્ટ ઇન્ડિયા એન્વિરો સોલ્યુશન્સ લિમિટેડ (ફ્ડયામાં) ની માલિકીની સ્થાવર સંપત્તિનું વેચાણ.

અરજી કરવાની અને દસ્તાવેજો રજૂઆત કરવાની છેલ્લી તારીખ	૨૬મી ઓગસ્ટ ૨૦૨૩
ઈ-ઓકશનની તારીખ અને સમય	૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩, સવારે ૧૧:૦૦ કલાક થી બપોરે ૦૧:૦૦ કલાક (દરેક ૫ મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે)
ઇ-ઓકશન પ્લેટફોર્મ	https://www.eauctions.co.in

વેચાણ માટેની સંપત્તિનું મૂળભૂત વર્ણન: (રૂ.માં)

મિલકત	સ્થાન	અનામત કિંમત	ઈએમડી	વધારાનું મૂલ્ય
સિટી સર્વે નંબર ૭૨૬/પાઈકી અને ૭૨૯/પાઈકી ધરાવતી વડોદરા કસ્બા ગામની સીમાના રેવન્યુ સર્વે નંબર ૬૩૧માં આવેલી બિન-ખેતીની ખુલ્લી જમીન ખાનગી રોડ સહિત લગભગ ૫૧૮૪ ચો.ફૂટમાં ફેલાયેલી છે. ('બુલેટ ટ્રેન પ્રોજેક્ટ' માટે લગભગ ૮૧૬ ચોરસ ફૂટ જમીનના સંપાદન પછી જમીનનો બાકીનો હિસ્સો, લગભગ ૬૦૦૦ ચો.ફૂટ અથવા તેની આસપાસની ખાનગી રોડ સહિતની જમીનમાંથી)	શાસ્ત્રી બ્રિજ પાસે, ફતેગંજ, વડોદરા, ગુજરાત	૨,૧૬,૦૦,૦૦૦	૨૧,૬૦,૦૦૦	૧,૦૦,૦૦૦

મહત્વપૂર્ણ નોંધો:
૧. વેચાણ "જેમ છે ત્યાં આધાર/જેમ છે તે પ્રમાણે/જે કંઈ આધાર છે/કોઈ આધાર નથી."
૨. કોડની કલમ ૩૫ ની કલમ (૧) ની પેટા કલમ (f) ની જોગવાઈ મુજબ રસ ધરાવનાર બિડર જો કોડની કલમ 29A (સમય-સમય પર સુધારેલ છે તેમ)ની દ્રષ્ટિએ રિઝોલ્યુશન અરજદાર બનવા માટે લાયક ન હોય તો તે બિડ સબમિટ કરવા પાત્ર રહેશે નહીં.
૩. ઈ-ઓકશનના નિયમો અને શરતો અને અન્ય વિગતો વેબસાઈટ એટલે કે http://www.eauctions.co.in પર અપલોડ કરવામાં આવી છે.

ઈ-ઓકશન એજન્સી (લિંકસ્ટાર ઈન્ફોસિસ પ્રાઈવેટ લિમિટેડ) વતી સંપર્ક વ્યક્તિ	શ્રી વિજય પીપળીયા અને શ્રી અહેમદ ઈમેલ આઈડી - admin@eauctions.co.in, મોબાઈલ નં. : ૯૧ ૯૮૭૦૦૯૯૭૧૩
લિક્વિડેટર વતી સંપર્ક વ્યક્તિ	શ્રી સાહિલ કેશરી ઈમેલ આઈડી - liquidation.sortindia@gmail.com મોબાઈલ. નં. : ૯૧ ૯૬૪૩૭૦૭૨૬૪

તારીખ : ૦૯-૦૮-૨૦૨૩
સ્થળ : નવી દિલ્હી
સહી/-
સપન મોહન ગર્ગ, લિક્વિડેટર
IBBI/IPA-002/IP-N00315/2017-2018/10903
નોંધાયેલ સરનામું: D-54, પ્રથમ માળ, ડિફેન્સ કોલોની, નવી દિલ્હી ૧૧૦૦૨૪
AFA 02.01.2024 સુધી માન્ય છે
નોંધાયેલ ઈમેઈલ આઈડી : sapan10@yahoo.com
પ્રક્રિયા ચોક્કસ ઈમેલ આઈડી: liquidation.sortindia@gmail.com;

હરિયાણાના શહેરોમાં હિંસાની અસર વેપાર પર દેખાવા લાગી

ગુરૂગ્રામના પાંચ હજાર મુસ્લિમ વેપારીઓએ ધંધો બંધ કર્યો

નૂહ, તા.૮

હરિયાણાના નૂહ, સોહના અને ગુરુગ્રામમાં ગત જૂલાઈની ૩૧મી તારીખે હિંસા ફાટી નીકળી હતી જેની અસર હવે વેપાર પર પણ દેખાવા લાગી છે. આ હિંસાની અસર અનેક પરિવારો પર પડી છે ત્યારે હવે ગુરુગ્રામ શહેરમાં હોકર્સ એસોસિએશનનો અંદાજ છે કે મુસ્લિમ સમુદાયના ઓછામાં ઓછા ૫ હજાર શેરી વિક્રેતાઓ કે જેઓ મુખ્ય બજારોમાં અને શેરીઓમાં ફળો, શાકભાજી, ફાસ્ટ ફૂડ અને અન્ય વસ્તુઓ વેચતા હતા તેઓએ ગુરુગ્રામ છોડી દીધું છે અથવા તેમના ધંધા બંધ કરી દીધા છે.સોહના, બાદશાહપુર અને સેક્ટર ૭૦એમાં થયેલી હિંસાની વાત જણાવતા હોકર્સ એસોસિએશને કહ્યું કે મુસ્લિમ સમુદાયના મોટા ભાગના વેપારીઓ ઉત્તર પ્રદેશના મેરઠ, અલીગઢ, બિજનૌર, મુરાદાબાદ, મૈનપુરી, મુઝફ્ફરનગર, ઇટાવા અને નૂહ જિલ્લા જેવા સ્થળોના છે અને તેમાથી મોટાભાગના કથિત ધમકીઓ અને છૂટાછવાયા કૃત્યોને કારણે તેઓ તેમના વતન પરત ફર્યા છે. ભય વચ્ચે તેમના વ્યવસાય ચાલુ રાખવાવાળા કેટલાક વેપારીઓએ કહ્યું હતું કે ધમકિ અને હિંસક હુમલાઓથી ડરથી મોટાભાગના મુસ્લિમ વેપારીઓ દિલ્હી અને નોઈડા જ્યાં તેમના સંબંધીઓ રહે છે, તેમજ પડોશી રાજ્યોમાં તેમના ગામોમાં ભાગી જવાની ફરજ પાડી છે.

ગુરુગ્રામની દ્રોણ રેહરી પટરી ફેરી કમિટીના જનરલ સેક્રેટરી રાજેન્દ્ર સરોહાએ જણાવ્યું હતું કે જમીનની સ્થિતિ ચિંતાજનક છે અને ગયા અઠવાડિયાની સાંપ્રદાયિક હિંસા બાદ મુસ્લિમ વેપારીઓ ડરી ગયા છે. સરોહાએ વધુમાં કહ્યું હતું કે ગુરુગ્રામમાં લગભગ ૪૦ હજાર વેપારીઓ છે અને તેમાંથી લગભગ ૪૦ ટકા મુસ્લિમ સમુદાયના છે. હુમલાના ડરથી તેમાંથી ઘણાએ શહેર છોડી દીધું છે અથવા બજારોમાં કામ કરવાનું બંધ કરી દીધું છે. અમે તેમને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ તેઓ હજુ પણ ડરી રહ્યા છે. ઘણા લોકોને ધમકી આપવામાં આવી હતી અને તરત જ શહેર છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું.હોકર્સ એસોસિએશન દ્વારા એકત્ર કરાયેલા ડેટા મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માન્યતા પ્રાપ્ત ૧૬ હજાર જેટલા નોંધાયેલા વેપારીઓ છે.પરંતુ આ વેપારીઓની ખરી સંખ્યા ૪૦ હજાર આસપાસ છે. તેઓ શહેરના લગભગ તમામ ભાગોમાં સ્થિત છે. સદર બજાર, પાલમ વિહાર, એમજી રોડ, સોહના રોડ, બાદશાહપુર, સેક્ટર ૧૪, ૨૩, ૪૬, ૪૯, ૬૪, ૬૫, ૭૦છ, ૭૨ અને ૭૪, ગામો જેવા કે ફાઝિલપુર, દરબારીપુર, જૂના ગુરુગ્રામના મોટાભાગના વિસ્તારોમાં કામ કરી કરે છે. ઘણા વેપારીઓ સેક્ટર ૪૪માં મેદાંતા હોસ્પિટલ અને ફોર્ટિસ હોસ્પિટલ જેવી મોટી તબીબી સંસ્થાઓની આસપાસ પણ કામ કરે છે.એમજી રોડના વેપારી બલરામ કુમારે જણાવ્યું હતું કે સામાન્ય રીતે આ રોડ પર ૧૦૦થી વધુ વેપારીઓ છે જે ફાસ્ટ ફૂડ અને અન્ય વિવિધ વસ્તુઓનું વેચાણ કરે છે અને તેમાંથી લગભગ અડધા મુસ્લિમ સમુદાયના છે. ગઈકાલે ત્યાં ફક્ત ૩૦થી ૪૦ વેપારીઓ હતા કારણ કે મોટાભાગના મુસ્લિમો ભયના કારણે તેમના ગામોમાં પાછા ફર્યા છે

હિંસક હુમલાઓથી ડરથી મોટાભાગના મુસ્લિમ વેપારીઓએ દિલ્હી અને નોઈડા જ્યાં તેમના સંબંધીઓ રહે છે, તેમજ પડોશી રાજ્યોમાં તેમના ગામોમાં ભાગી જવાની ફરજ પડી

સંઘ પરિવારની બહુમતીના એજન્ડાને આગળ વધારવાનો પ્રયાસ

કેરળ વિધાનસભામાં સર્વસંમતિથી સમાન નાગરિક સંહિતાના વિરોધમાં ઠરાવ પસાર

બંધારણના અનુચ્છેદ ૨૫ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી

તિરૂવનંતપુર,તા.૮

કેરળ વિધાનસભાએ મંગળવારે સર્વસંમતિથી સમાન નાગરિક સંહિતાના વિરોધમાં ઠરાવ પસાર કર્યો હતો. આ પ્રસ્તાવ રજૂ કરતા કેરળના સીએમ પિનરાઈ વિજયને કહ્યું કે આ એકપક્ષીય અને ઉતાવળનું પગલું છે. સીએમએ કહ્યું કે સંઘ પરિવાર દ્વારા કલ્પના કરાયેલ યુસીસી હિન્દુ ધર્મગ્રંથ મનુસ્મૃતિ પર આધારિત છે. તેમણે કહ્યું કે સંઘ પરિવાર પહેલા જ સ્પષ્ટ કરી ચુક્યું છે કે તે બંધારણમાં કંઈપણ લાગુ કરવાનો પ્રયાસ કરી રહ્યો નથી. વિજયને કહ્યું કે કેન્દ્રની ભાજપ સરકારે મુસ્લિમ પર્સનલ લો હેઠળ છૂટાછેડાના કાયદાને અપરાધ બનાવ્યો અને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાને બદલે હાંસિયામાં રહેલા લોકોના કલ્યાણ માટે પગલાં લીધાં નથી. કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષ યુડીએફ (યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ) એ રાજ્ય સરકારના પ્રસ્તાવનું સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રી દ્વારા દરખાસ્ત ખસેડવામાં આવ્યા બાદ તેમણે અનેક સુધારા અને ફેરફારો સૂચવ્યા હતા.સીએમ વિજયને કહ્યું કે જ્યારે બંધારણના અનુચ્છેદ ૨૫ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી છે અને તેમાં ધાર્મિક ખાનગી સંસ્કારોનું પાલન કરવાનો અધિકાર શામેલ છે,. મુખ્યમંત્રીએ કહ્યું કે બંધારણની કલમ ૪૪ માત્ર એટલું જ કહે છે કે સરકાર એક સમાન નાગરિક સંહિતા સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે. વિજયને કહ્યું કે ચર્ચા-વિચારણા પછી લોકોમાં સર્વસંમતિ પર આવું કોઈ પગલું ભરવું જોઈએ અને આમ કરવામાં નિષ્ફળતા ચિંતાજનક છે. છે અને માને છે કે યુસીસીનો અમલ એ લોકો અને સમગ્ર દેશની એકતા પર હુમલો કરવા માટે લેવાયેલું 'અન-સાંપ્રદાયિક પગલું' છે.અગાઉ, કેરળના મુખ્ય પ્રધાન પી વિજયને તેમના એક ટ્વિટમાં લખ્યું હતું કે 'સમાન નાગરિક સંહિતા પર ચર્ચા શરૂ કરવી એ સંઘ પરિવારની બહુમતીના એજન્ડાને આગળ વધારવા અને સાંપ્રદાયિક ભેદભાવને વધુ ગાઢ બનાવવા માટેનો એક ચૂંટણી દાવપેચ છે'.

ભારતનો સ્વાતંત્ર્ય દિન અમેરિકામાં રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવાશે!

વોશીંગ્ટન : ભારતના સ્વાતંત્ર્ય દિન પર્વને અમેરિકાનાં પણ રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવવાની તૈયારી થઈ રહી છે.આ અંગેના પ્રસ્તાવને હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટીવ્સમાં સાંસદ થાનેદાર તરફથી રજુ કરવામાં આવ્યો છે.જેને સાંસદ બડી કાર્ટર અને બ્રેડ શર્મન તરફથી પણ પ્રાયોજીત કરવામાં આવ્યો છે. આ અંગેની વિગત મુજબ ભારતના સ્વાતંત્ર્ય દિન પર્વની અમેરિકામાં પણ રાષ્ટ્રીય દિવસના ઉત્સવ તરીકે ઉજવવામાં આવી શકે છે.સાંસદ થાનેદારનાં નેતૃત્વમાં ભારતીય અમેરીકી સાંસદોના એક દળે અમેરીકી સંસદનાં નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેન્ઝેન્ટેટીવમાં પ્રસ્તાવ રાખ્યો છે. જે અંતર્ગત ભારતનાં સ્વતંત્રતા દિવસને દુનિયાની બે સૌથી મોટી લોકશાહીનાં રાષ્ટ્રીય દિવસને ઉત્સવ તરીકે જાહેર કરવાનો આગ્રહ કરાયો છે. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા અને ભારત વચ્ચે મજબૂત ભાગીદારી, જેના મૂળીયા બન્ને દેશોનાં સંયુક્ત લોકશાહી મુલ્યો પર આધારીત છે.

Gujarat Narmada Valley Fertilizers and Chemicals Limited
(An ISO 9001, ISO 14001, ISO 45001 & ISO 50001 Certified Company)
Regd. Office: P.O.Narmadanagar - 392015, Dist.: Bharuch (Gujarat), India
CIN: L24110GJ1976PLC002903 Website: www.gnfc.in
GNFC

OPEN E-TENDER NOTICE

E-Tender ID	Name of the Work	Estimated Work Value (incl. GST)
607955	Roof sheet replacement work at Reformer penthouse shed at Methanol-II plant of GNFC, Bharuch plant.	Rs. 44.73 Lacs
607956	Bitumen Mastic work on drum storage/ filling platforms at IP filling area at GNFC, Bharuch plant.	Rs. 9.87 Lacs
607972	Civil work for installation of Chlorine bullet T-54576 at TDI-I plant, Bharuch.	Rs. 10.38 Lacs
607944	Civil work of epoxy screeding work on part floors at Urea Bagging plant building, GNFC Bharuch.	Rs. 46.84 Lacs

Last date & time for receipt of bids for above tenders is 21.08.2023 upto 18.00 hrs.
For E-Tender, please log on https://www.nprocure.com
Contact details:-E-mail id - bcparekh@gnfc.in Phone no.: 02642 -203553 / 203422

ઈ-ઓકશન વેચાણ સૂચના
એલકેમિસ્ટ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ
(અલકેમિસ્ટ XII ટ્રસ્ટના ટ્રસ્ટી)
A-270 (FF & SF), ડિફેન્સ કોલોની, નવી દિલ્હી-૧૧૦૦૨૪, ટેલિફોન: ૯૧-૧૧-૪૬૫૬૨૫૮૦-૮૩
ફેક્સ: ૯૧-૧૧-૪૬૫૬૨૫૮૪, ઈમેઈલ: admin@alchemistarc.com, વેબ: www.alchemistarc.com

ઈ-હરાજી વેચાણ સુચના
કૃપા કરીને નિયમન ૬(૨) અને ૮(૬) સુરક્ષા વ્યાજ (અમલીકરણ) નિયમો ૨૦૦૨ પરિશિષ્ઠ III અને પરિશિષ્ઠ IV(A)

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ જંગમ અને સ્થાવર સિક્યોર્ડ એસેટ (ત્યારબાદ "સિક્યોર્ડ એસેટ(ઓ)" તરીકે સંદર્ભિત)ના વેચાણ માટેની ઈ-ઓકશન સેલ નોટિસ (ત્યારબાદ "સરફેસી એક્ટ, ૨૦૦૨ તરીકે ઓળખવામાં આવે છે) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ(ઓ) ૬(૨), ૮(૬) અને નિયમ૯ સાથે વાંચો.
આથી જાહેર જનતાને અને ખાસ કરીને સોર્ટ ઈન્ડિયા એન્વાયરો સોલ્યુશન્સ લિમિટેડને સૂચના આપવામાં આવે છે, હાલમાં લિક્વિડેશનમાં છે (ત્યારબાદ "ઋણ લેનાર કંપની") મૂળ ધિરાણકર્તા RBL બેંક લિમિટેડ દ્વારા સોંપાયેલ ત્યારથી નીચે વર્ણવેલ સિક્યોર્ડ એસેટ(ઓ), તેના ટ્રસ્ટી અલ્કેમિસ્ટ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ (ત્યારબાદ *સિક્યોર્ડ ક્રેડિટર") દ્વારા કાર્ય કરતા અલ્કેમિસ્ટ XII ટ્રસ્ટને ગીરો/હાયપોથેકેટેડ/ ચાર્જ કરવામાં આવે છે, સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા (IBC,૨૦૧૬ ની કલમ ૫૨ મુજબ) તેઓનો ભૌતિક કબજો લેવામાં આવ્યો છે ફાઈનાન્શિયલ એસેટ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશનની કલમ ૧૩(૪)ની જોગવાઈઓ હેઠળ ઋણ લેનાર કંપનીના લિક્વિડેટર પાસેથી ઈ-ઓકશન દ્વારા વેચવામાં આવશે, "જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે", "જે ત્યાં છે", રૂા.૨૩૮,૫૫,૮૧,૨૫૪/- ની વસૂલાત માટે કોઈ આશ્રય નથી. (ભારતીય રૂપિયા આડત્રીસ કરોડ પંચાવન લાખ એક્યાસી હજાર બેસો ચોપન માત્ર) ૨૧/૦૭/૨૦૨૩ ના રોજ ઋણ લેનાર કંપની અને બાંયધરી આપનાર સિક્યોર્ડ લેણદારને બાકી વ્યાજ અને શુલ્ક સાથે. નીચે ઉલ